# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-03-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કેનાલમાં સિંચાઈનું પાણી :

રાજ્યના ખેડૂતો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, રવિ સીઝન માટે કેનાલોમાં સિંચાઈનું પાણી હવે ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલુ રાખવામાં આવશે. સામાન્ય રીતે આ સુવિધા ફેબ્રુઆરીના અંત સુધી જ હોય છે, પરંતુ આ વર્ષે પાછોતરા વરસાદને કારણે વાવણી મોડી થતા ખેડૂત આગેવાનોએ પાણી ચાલુ રાખવાની માંગ કરી હતી. ૧૧ માર્ચના રોજ મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં પીવાના પાણીના આરક્ષણને ધ્યાને રાખી આ નિર્ણય લેવાયો છે. આ નિર્ણયથી રવિ પાકની લણણીમાં વિલંબનો સામનો કરી રહેલા ખેડૂતોને મોટી રાહત મળશે અને પાક નિષ્ફળ જવાની ભીતિ ટળશે.

-----------------------------------------------------------------------------------

## જિલ્લા પુરવઠા અધિકારીની બેઠક :

કચ્છ જીલ્લામાં ગેસ સિલિન્ડરની અછત વચ્ચે જિલ્લા પુરવઠા વિભાગ સક્રિય બન્યું છે. આ મુદ્દે જિલ્લા પુરવઠા અધિકારી અર્શ હાશ્મીએ ગેસ એજન્સીઓના સંચાલકો સાથે બેઠક યોજી હતી. બેઠકમાં જિલ્લામાં ગેસ બુકિંગમાં અચાનક વધારાને ધ્યાનમાં રાખીને પેનિક બુકિંગ ન કરવા માટે ડિલરોને સૂચના આપવામાં આવી હતી.જિલ્લા પુરવઠા અધિકારીએ સ્પષ્ટ કર્યું હતું કે, જિલ્લામાં ગેસ સિલિન્ડરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને લોકોને ગભરાવવાની કે અફવાઓમાં આવવાની કોઇ જરૂર નથી.

હાલમાં જિલ્લામાં આશરે 12,900 જેટલા ડોમેસ્ટિકગેસ સિલિન્ડર ઉપલબ્ધ છે. સાથે જ તંત્રે ચેતવણી આપી છે કે ડોમેસ્ટિક સિલિન્ડરનો કોમર્શિયલ ઉપયોગ, સિલિન્ડરની સંગ્રહખોરી અથવા કાળાબજારી કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------

## દીનદયાળ પોર્ટ ઓથોરિટીની સિદ્ધિ :

કંડલા સ્થિત દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ ફરી એકવાર ઇતિહાસ રચ્યો છે. કંડલા બંદરે ચાલુ નાણાકીય વર્ષમાં ૧૫૦ મિલિયન ટનથી વધુ કાર્ગો હેન્ડલિંગનો આંક પાર કર્યો છે. નોંધનીય છે કે, હજુ ચાલુ નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં ૧૮ દિવસ બાકી છે તેપહેલા જ DPA એ આ સિદ્ધિ હાંસલકરી છે. દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા પ્રાપ્ત આ સિદ્ધિ બંદરની કામગીરીમાં સતત વૃદ્ધિ અને કાર્યક્ષમતાનું પ્રતિબિંબ માનવામાં આવી રહી છે. આ સાથે કંડલા બંદરે પોતાના જ અગાઉના રેકોર્ડને પાછળ છોડીને ૧૫૦ મિલિયન ટન કાર્ગોહેન્ડલિંગનો અત્યાર સુધીનો સૌથી ઝડપી રેકોર્ડ નોંધાવ્યો છે.દેશના સમુદ્રી વેપાર ક્ષેત્રમાં આ સિદ્ધિને મહત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે. કંડલા બંદરની આ સફળતા ભારતના સમુદ્રી વિકાસ અને આર્થિકપ્રગતિમાં એક વધુ ગૌરવપૂર્ણ અધ્યાય તરીકે જોવામાં આવી રહી છે.

-----------------------------------------------------------------------------------

## માતાના મઢમાં ચૈત્રી નવરાત્રિ :

આગામી 18 માર્ચથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ માતાનામઢ ખાતે  ઘટ સ્થાપન વિધિ મઢજાગીરના અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે પરંપરા મુજબ થશે. 19 માર્ચના પ્રથમ નવરાત્રિનો પ્રારંભ જ્યારે ચૈત્ર સુદ સાતમના રાત્રે સાડા આઠ વાગ્યે સપ્તમી હવનનો પ્રારંભ થયા બાદ રાત્રિના 12 વાગીને 15  મિનિટે બીડું હોમાશે. દર્શનાર્થીઓ માટે હવનની રાત્રિએ આખી રાત માટે મંદિરના કપાટ ખુલ્લા રહેશે. આ પર્વ નિમિત્તે હજારો પદયાત્રીઓ ઉમટી પડવાની શક્યતાને જોતા મંદિરના તિલાટ પરિવાર અને સ્ટાફ દ્વારા દર્શન-ગરબીનીખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધને પગલે ભારતમાં કોમર્શિયલ ગેસનાવિતરણ પર માઠી અસર પડી છે. જોકે, આ વિકટ સ્થિતિમાં પણ માતાના મઢ ખાતેનું અન્નક્ષેત્ર અવિરત ચાલુ રહેશે. જાગીર ટ્રસ્ટ પાસે ગેસ ઉપરાંત કેરોસીન અને ડીઝલથી ચાલતા ૧૬ વૈકલ્પિક ચૂલાઓ ઉપલબ્ધ હોવાથી લાખો શ્રદ્ધાળુઓ પ્રસાદનો લાભ લઈ શકશે.

---------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય લોક અદાલત :

રાષ્ટ્રીય અને રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ આવતીકાલે કચ્છની તમામ તાલુકા અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત અને ખાસ મેજિસ્ટ્રેટ બેઠકનું આયોજન કરાયું છે. કચ્છ જિલ્લામાંથી ફોજદારી, જમીન સંપાદન, બેંક રિકવરી અને વાહન અકસ્માત વળતર સહિતના અંદાજે 10 હજાર જેટલા કેસો લોક અદાલત તેમજ સ્પેશિયલ સિટિંગ સમક્ષ રજૂ કરવામાં આવશે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ મહિડા દિલીપ પી. ના માર્ગદર્શન હેઠળ આયોજિત લોક અદાલત અંગે વધુ માહિતી માટે ભુજ સ્થિત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિઓ રાપર, ભચાઉ, ગાંધીધામ, અંજાર, ભુજ,નખત્રાણા, દયાપર, નલિયા, માંડવી અને મુન્દ્રા ખાતે સંપર્ક કરી શકાય છે.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામ અને આદિપુરમાં માર્ગોનું કામ :

ગાંધીધામ અને આદિપુર જોડિયા શહેરોમાં ૨૦૦ કરોડથી વધુના ખર્ચે રોડ, સ્માર્ટ લાયબ્રેરી અને બ્યુટીફિકેશનના કામો પ્રગતિમાં છે. નાયબ મ્યુનિસિપલ કમિશનર મેહુલદેસાઈ અને સંજય રામાનુજે લૂણંગદેવ રોડ, રામબાગ અને મુખ્યબજારમાં ચાલી રહેલા કામોનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું. તંત્રએ જણાવ્યૂ હતું કે, કામની ગુણવત્તામાં કોઈ બાંધછોડ ચલાવી લેવાશે નહીં. જો કામમાં બેદરકારી જણાશે તો આગામી સમયમાં કડક દંડનાત્મક પગલાં લેવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## કચ્છની કેસર કેરી :

કચ્છના કેસર કેરીના ગઢ ગણાતા રોહા અને ખીરસરા પંથકમાં આવર્ષે આંબા પર પુષ્કળ મોર આવ્યા હતા, પરંતુ બદલાયેલા હવામાન અને સતત ઝાકળને કારણે 'ચરમરો' રોગ લાગુ પડતામોર કાળા પડીને ખરી રહ્યા છે. બિપોરજોય વાવાઝોડા બાદ સતત ત્રીજા વર્ષે કેરીનો પાક આકાશી આફતનો ભોગ બન્યો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, ખેતી અત્યારે સંપૂર્ણપણે કુદરત ભરોસે છે. કપાસ અને એરંડા જેવા પાકોમાં પણ અનિશ્ચિતતા વચ્ચે બાગાયતી ખેતી કરતા ખેડૂતો અત્યારે ભારે આર્થિક નુકસાનની ભીતિ સેવી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન :

કચ્છ જિલ્લામાં માર્ચ મહિનાની શરૂઆત સાથે જ ઉનાળાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવવાનું શરૂ કરી દીધું છે. છેલ્લા કેટલાક દિવસોથી સૂર્યના આકરા તાપના કારણે જિલ્લાવાસીઓ ગરમીમાં શેકાઇ રહ્યા છે. ગરમીની આ લહેરહવે રાત્રે પણ અનુભવાઇ રહી છે. ભુજ સહિતના મથકોમાં લઘુત્તમ તાપમાન 20 ડિગ્રીથી ઉપરરહા રાત્રે પણ ગરમીનો અહેસાસ થઇ રહ્યો છે. હવામાન વિભાગે કચ્છ માટે આજે યલો એલર્ટ જાહેર કર્યું છે. આજે જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન 38.4 અને નલિયામાં 35 ડિગ્રી નોંધાયું છે.

---------------------------------------------------------------------------------------------------